ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન:સ્થાપન માટે SCW-12, વહીવટી ગ્રાંટ SCW-15 વર્ષ ૨૦૨૨-૨૩ ની તૃતીય અને ચતુર્થ ત્રિમાસિકની ગ્રાંટ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/GSK/EFILE/17/2022/2024/G

સચિવાલય,ગાંધીનગર

તા.૨૯/03/૨૦૨૩

<u>વંચાણે લીધાં:</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: SJED/GSN/e-file/17/2021/001/B

(૨) નાણાં વિભાગનો તા.૧૪/૦૯/૨૦૨૨ નો પરિપત્ર ક્રમાંક: અપબ/૧૦૨૦૨૨/૧૩૬/ક

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૨૨/૯૬૫/ગ

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.0૨/03/૨૦૨૩નો પત્ર ક્ર:અજાક/મ-૧/૨૦૨૩/૯૨૫-૯૨૬

<u>આમુખ :</u>

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના તા. ૦૭/૦૪/૨૦૨૨ના ઠરાવથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની નાણાકીય વર્ષ-૨૦૨૨-૨૩ માટે SCW-12 સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન માટે રૂ.૧૫૦૦.૦૦ લાખ અને અને SCW-15 વહીવટી ગ્રાંટ માટે રૂ.૨૫૩.૫૫ લાખની ચાલુ બાબત તરીકે બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (3) પરના તા.૧૭/૦૯/૨૦૨૨ ના ઠરાવથી નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઉપરોક્ત જોગવાઇ પૈકી SCW-12 હેઠળ રૂા.૭૫૦.૦૦ લાખ તેમજ SCW-15 માટે રૂા.૧૨૬.૭૭૫ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના તા.0૨/03/૨૩ના પત્રથી બાકી રહેતી ત્રીજા અને ચોથા ત્રિમાસિકની ગ્રાન્ટની વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગરની ઉક્ત દરખાસ્ત અન્વયે વર્ષ ૨૦૨૨-૨૩ માટે સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન (પૂજ્ય ઠક્કરબાપા આવાસ યોજના(SCW-12) હેઠળ થયેલ રૂ.૧૫૦૦.૦૦ લાખની જોગવાઈ સામે બાકી રહેતી તૃતીય અને ચતુર્થ ત્રિમાસિકની રૂ.૭૫૦.૦૦ લાખ તેમજ વહીવટી ગ્રાંટ (SCW-15) હેઠળ થયેલ રૂા.૨૫૩.૫૫ લાખની જોગવાઈ સામે બાકી રહેતી રૂા.૧૨૬.૭૭૫ લાખની વહીવટી મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

શરતો:

(૧) સને ૨૦૨૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે, તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) વર્ષના અંતે, જો કોઇ બચત રહે તો, તે પરત કરવાની રહેશે.

(૫) નિગમે હવે પછીની ગ્રાન્ટ છુટી કરવાની દરખાસ્ત સાથે જે-તે માસનાં અગાઉના માસના ખર્ચનું માસવાર વિગતવાર પત્રક દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ: ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં માંગણી નંબર-૯૫,૨૨૨૫-૦૧-૧૦૨-૦૨-SCW-12 અને માંગણી નંબર-૯૫,૨૨૨૫-૦૧-૧૯૦-૦૨- SCW-15 હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક: (૩) સામેના તા.૧૪/૦૯/૨૨ ના પરિપત્ર અન્વયે નાણાં વિભાગની તા.૨૯/૦૩/૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: Harit Rajendra Doshi
Location: Gandhinagar, India
Organization Name:
GOVERNMENT OF GUJARAT
Date: 30-Mar-2023 (01:29 PM)

(હરિત આર. દોશી)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા

વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ/ રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, સા.ન્યા અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગરને વેબ સાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ.